Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

॥ શ્રી ઉમિયાય નમઃ ॥
॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૧૨/-

✳ સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ ● સંચાલન : શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ● મુખપત્ર સમિતિ ● તંત્રી : શ્રી નારાયણ વિ. ભગત ✳

April 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૫ ● અંક ૨૭૫ ❐ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❐ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૪/૨૦૨૫ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

॥ શ્રી રામ - પર બ્રહ્મ ॥

સનાતન ધર્મની પરંપરાઓમાં 'શ્રી રામ' સર્વોચ્ચ અસ્તિત્વ (પરમ અસ્તિત્વ) માનવામાં આવે છે.

અવધ સામ્રાજયની રાજધાની અયોધ્યામાં ઈશ્વાકુ વંશમાં વૈવસ્વત મન્વતરના ૨૪માં ત્રેતાયુગમાં ઈ.સ. પૂર્વે ૨૫૦૦ આસપાસ ચૈત્ર સુદ નવમીના રોજ રામનો જન્મ થયો.

પદમપુરાણ પ્રમાણે રાજે જન્મતા જ માતા કૌશલ્યાને પોતાના વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યાં હતાં. તેમના ભાઈઓ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન હતા. શ્રી રામની બાલ્યાવસ્થા ખૂબ જ લાક્ષણિક રહી હતી. કિશોરવસ્થામાં જ દંડકારણ્યમાં થતા યજ્ઞમાં અસુરો ત્રાસ આપી નષ્ટ કરતા તેમનો વધ ઋષી વશિષ્ઠની આજ્ઞાથી કર્યો હતો.

ઋષી આજ્ઞાથી 'સલ્યા' માંથી અહલ્યાને જીવંત કરી હતી જેથી 'સરયુ' પાર કરાવતી વખતે કેવટે તેમના ચરણ પ્રખાલીને નાવમાં બેસાડી સરયુ પાર કરેલ.

રામની બહેનનું નામ 'શાંતા'' હતું જે તેમનાથી મોટાં હતાં શાંતા બાળપણથી જ સર્વગુણ સંપન્ન હતાં. કૌશલ્યાની બહેન વર્ષિણી નિઃસંતાન હોતાં શાંતાને દતક લીધેલ, આમ રોમપ્રદ અને વર્ષિણીની દતક શાંતા અંગ દેશની રાજકુમારી બની તેમના લગ્ન ઋષી શ્રૃંગા સાથે થયા હતા જેમણે રાજા દશરથને પુત્રેષ્ઠી યજ્ઞ કરાવેલ.

ઈશ્વાકુ વંશમાં 'બ્રહ્મા' થી 'મરીચી' થી 'કશ્યપ' થી 'સાન' થી 'ભગીરથ' શ્રી 'સગર' થયા જેમણે 'ગંગાજી' ને સ્વર્ગ પરથી પૃથ્વી પર લાવ્યા હતા અને એજ વંશમાં 'ભરત' 'રઘુ' થયા જેમના નામ

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]

### તા. ૧૬-૦૩-૨૦૨૫ના સામાન્ય સભાનો અહેવાલ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા વર્ષ ૨૦૨૫ થી વર્ષ ૨૦૨૮ સુધી માટે નવા ટ્રસ્ટીઓની ચૂંટણી પ્રક્રિયા પાર પાડવા તા. ૧૬-૦૩-૨૦૨૫ના પાટીદાર વાડી ઘાટકોપરમાં અગાઉ આપેલ જાહેરાત મુજબ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપસ્થીતોનું શાબ્દીક સ્વાગત હિરાલાલભાઈ રામજીયાણી કરી ટ્રસ્ટ ફંડના હોદેદારો તથા ટ્રસ્ટીઓ તેમજ મહિલા મંડળ અને યુવક મંડળના પ્રમુખ શ્રીઓને સ્થાન ગ્રહણ કરાવ્યા હતા. શાંતિલાલ કાનજી ભગતે મિનિટસનું વાંચન કરી સંભળાવ્યું હતું જેને ચર્ચા વિચારણા પછી સર્વ સમતિથી મંજુરી આપવામાં આવી હતી.

આજના એજન્ડા મુજબ ઉપસ્થીત જ્ઞાતિજનો સમક્ષ ચૂંટણી પ્રક્રિયા પાર પાડવા માટે સક્ષ્મ નામો અંગે ચર્ચા મુકવામાં આવતા વડીલોના સુચન માર્ગદર્શન અને પરંપરા પ્રમાણે નિચે મૂજબના પાંચ વડીલોના નામ સર્વ સંમતિથી ચૂંટણી પંચ ૨૦૨૫ માટે નક્કી કરવામાં આવ્યા.

(૧) શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી
(૨) શ્રી ગાંગજી નારણ સેંઘાણી
(૩) શ્રી શામજી નારણ નાકરાણી
(૪) શ્રી ભરત રતનશી પોકાર
(૫) શ્રી કાંતિલાલ લખમસી લીંબાણી

અંતમાં ચેરમેન શ્રી કાંતિલાલ નારણ સેંઘાણીએ પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. આભાર વિધિ પ્રકાશભાઈ માવાણીએ કરી હતી.

**લી. ચેરમેન : શ્રી કાંતિલાલ નારણ સેંઘાણી - મે.ટ્રસ્ટી : શ્રી શાંતિલાલ શીવજી ભીમાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]
## ચુંટણી પંચ ૨૦૨૫-૨૦૨૮

સામાન્ય સભા તા. ૧૬-૦૩-૨૦૨૫ના રોજ ચૂંટણી પંચની સર્વાનુમતે નીમણુંક થયા બાદ આજ રોજ ચૂંટણી પંચની સભા ઘાટકોપર વાડીમાં મળેલ જેમાં હોદ્દેદારોની નિમણુંક કર્યા બાદ ચૂંટણી કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧૮/૧૯ જુન ૨૦૨૫ | ના ઉમેદવારી પત્રક આપવા - સ્થળ : પાટીદાર વાડી, ઘાટકોપર |
| ૨૨/૨૩ જુન ૨૦૨૫ | ભરેલા ફોર્મ સ્વીકારવા - સમય : ૩.૩૦ થી ૬.૦૦ કલાકે |
| ૨ જુલાઈ ૨૦૨૫ | ફોર્મ ચકાસણી કરી ત્રણે વાડીમાં લીસ્ટ લગાડવું |
| ૩ જુલાઈ ૨૦૨૫ | ના રદ્ કરેલ ફોર્મના ઉમેદવાર સાથે ખુલાસા, ઘાટકોપર વાડીમાં ૩.૩૦ થી ૬.૦૦ |
| ૧૭ જુલાઈ ૨૦૨૫ | ચુંટણી પંચ સાથે ઉમેદવારોની સંયુક્ત બેઠક - ફરજીયાત હાજરી સમય : બપોરે ૩.૩૦ થી ૬.૦૦ સ્થળ : પાટીદાર વાડી ઘાટકોપર |

અનુસંધાન પાના નં. ૨ પર...

# શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ / મુંબઈ રીજીયન

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈની વર્ષ ૨૦૨૫-૨૦૨૭ની નવી કારોબારીની રચના તારીખ ૧૫-૦૨-૨૦૨૫ના સર્વ સંમતિથી આરક્ષિત સીટો મુજબ ૩૫ + ૬ (મહિલા આરક્ષિત) કારોબારી સભ્ય નિયુક્ત કરવામાં આવ્યા હતા. કારોબારી સભ્યોએ ચર્ચા કરી સર્વ સંમતિથી શ્રી વિનય જેઠાલાલ છાભૈયાને પ્રમુખ સ્થાનની જવાબદારી આપવામાં આવી.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈની વર્ષ ૨૦૨૫-૨૦૨૭ ની નવી કારોબારીની પ્રથમ મિટિંગ ૭-૩-૨૦૨૫ના પ્રમુખ શ્રી વિનય જેઠાલાલ છાભૈયાના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવી જેમાં સર્વાનુમતે બાકી રહેલા હોદાઓ નીચે પ્રમાણે નીમવામાં આવ્યા.




| ક્રમ | હોદ્દા | નામ | શહેર | કચ્છમાં ગામ |
|---|---|---|---|---|
| ૧ | પ્રમુખ | વિનય જેઠાલાલ છાભૈયા | ઘાટકોપર | રાજપર |
| ૨ | આઈ પી પી | અશોક વિશનજી સેંઘાણી | થાણા | દરસડી |
| ૩ | મિશન ચેરમેન | હિરેન ભવાન લીંબાણી | અંધેરી | મંથલ |
| ૪ | વિભાગીય પ્રમુખ | નિતેશ બાબુભાઈ ભાવાણી | સહાડ | મંથલ |
| ૫ | વિભાગીય પ્રમુખ | જીતેન્દ્ર કરમશી પોકાર | વિરાર | વિરાણી નાની |
| ૬ | વિભાગીય પ્રમુખ | ભાવેશ પ્રેમજી સેંઘાણી | થાણા | રાજપર |
| ૭ | મહામંત્રી | ભાવેશ પ્રેમચંદ પોકાર | ઘાટકોપર | લુડવા |
| ૮ | સહ મંત્રી | રિતેશ નરશી સેંઘાણી | ઘાટકોપર | દરસડી |
| ૯ | ખજાનચી | નિતેશ શામજી પારસિયા | થાણા | ભેરૈયા |
| ૧૦ | વિભાગીય મંત્રી | પાયલ વિશાલ પોકાર | મીરારોડ | જીયાપર |
| ૧૧ | વિભાગીય મંત્રી | રિતેશ વેલજી રંગાણી | મુલુંડ | ગઢશીશા |
| ૧૨ | વિભાગીય મંત્રી | સુનિલ વિશનજી સેંઘાણી | ડોંબીવલી | રાજપર |
| ૧૩ | સહ ખજાનચી | રોહિત મણીલાલ ધોળુ | ઘાટકોપર | લુડવા |
| ૧૪ | પ્રવક્તા | નરેન્દ્ર ગંગારામ માવાણી | કામોઠે | લક્ષ્મીપર-મંજલ |
| ૧૫ | એડવેન્ચર | કમિલ ભીમજી નાકરાણી | સહાડ | વિથોણ |
| ૧૬ | બિઝનેસ સેલ | મૌલિક મણીલાલ બાથાણી | થાણા | કોટડા-જડોદર |
| ૧૭ | એજ્યુકેશન | રોનક જયંતીભાઈ છાભૈયા | બોરીવલી | દરસડી |
| ૧૮ | હેલ્થ એન્ડ ડિઝાસ્ટર | તુષાર હરિલાલ રંગાણી | નાલાસોપારા | ગઢશીશા |
| ૧૯ | કૃષિ અને પર્યાવરણ | વિપુલ કાંતિલાલ સેંઘાણી | ડોંબીવલી | દુર્ગાપુર-નવાવાસ |
| ૨૦ | મેટ્રીમોનિયલ | મમતા વિરલ પોકાર | ઘાટકોપર | લુડવા |
| ૨૧ | રાજકીય | રાજેશ શામજી છાભૈયા | ખારઘર | રત્નાપર-મઉ |
| ૨૨ | સોશિયલ એન્ડ સ્પિરિચ્યુઅલ | પ્રીતિ જયેશ ભગત | ડોંબીવલી | વિરાણી નાની |
| ૨૩ | સ્પોર્ટસ | સત્યેન મોહનલાલ વેલાણી | ઘાટકોપર | લુડવા |
| ૨૪ | વેબ કોમ અન્નપૂર્ણા | કાર્તિક શાંતિલાલ સેંઘાણી | ચેમ્બુર | ગઢશીશા |
| ૨૫ | વેબ કોમ અન્નપૂર્ણા | દેવાંગ જયંતીલાલ પોકાર | થાણા | ગઢશીશા |
| ૨૬ | વાય. એસ. કે. | સંદીપ શામજી ધોળુ | થાણા | દુજાપર |
| ૨૭ | યુવા ઉત્કર્ષ | વિશાલ જયંતીલાલ પોકાર | મીરારોડ | જીયાપર |
| ૨૮ | સભ્ય | ભાવિક મગનલાલ રૂડાણી | મુલુંડ | કુરબઈ |
| ૨૯ | સભ્ય | દેવી હરેશ લીંબાણી | ભીવંડી | કોટડા-જડોદર |
| ૩૦ | સભ્ય | ગોવિંદ નથુરામ ધોળુ | ઘાટકોપર | દુર્ગાપુર-નવાવાસ |
| ૩૧ | સભ્ય | હિરેન અર્જુન ચૌધરી | ઘાટકોપર | દરસડી |
| ૩૨ | સભ્ય | જહાન કાંતિલાલ સુરાણી | બદલાપુર | વિથોણ |
| ૩૩ | સભ્ય | જનક તુલસીદાસ દીવાણી | ભીવંડી | ટોડીયા |
| ૩૪ | સભ્ય | ક્રિષ્ના અનિલ લીંબાણી | થાણા | ઘડુલી |
| ૩૫ | સભ્ય | કૃપાલી વિશાલ રંગાણી | બોરીવલી | ગઢશીશા |
| ૩૬ | સભ્ય | પંકજ લાલજી ભાવાણી | પનવેલ | મથલ |
| ૩૭ | સભ્ય | પંકજ વાલજી અમૃતિયા | ઘાટકોપર | કલ્યાણપર |
| ૩૮ | સભ્ય | પૂનમ ભાવેશ સેંઘાણી | ડોંબીવલી | રાજપર |
| ૩૯ | સભ્ય | પ્રિતેશ ઈશ્વર લીંબાણી | બદલાપુર | દુર્ગાપુર-નવાવાસ |
| ૪૦ | સભ્ય | રાહુલ વિશનજી પારસિયા | ચેમ્બુર | ભેરૈયા |
| ૪૧ | સભ્ય | રાજેશ પુરુષોત્તમ સેંઘાણી | ડોંબીવલી | મોમાઈમોરા |
| ૪૨ | સભ્ય | રશ્મી નરેન્દ્ર માવાણી | કામોઠે | લક્ષ્મીપર-મંજલ |
| ૪૩ | સભ્ય | તુષાર મનસુખ સેંઘાણી | ડોંબીવલી | ભીતારા |
| ૪૪ | સભ્ય | વૈશાલી રિતેશ છાભૈયા | દહીસર | દરસડી |
| ૪૫ | સભ્ય | વૃતિક પરેશ રામાણી | બોરીવલી | જામથડા |

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા - મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

**ટ્રસ્ટી મંડળ**

પાના નં. ૧થી ચાલુ...

૨૭/૭/૨૦૨૫ ના ટ્રસ્ટીઓ માટે ચુંટણી .....મતદાન દ્વારા

સમય : ૮.૩૦ થી ૫.૩૦ સુધી ઝોન પ્રમાણે * સ્થળ : પાટીદાર વાડી ઘાટકોપર ત્થા અન્ય જગ્યા ચુંટણીપંચ જે નક્કી કરે તે.

૨૮ જુલાઈ ૨૦૨૫ ના મત ગણતરી સવારના ૯.૦૦ થી મતગણતરી બાદ જાહેરાત અને સામાન્ય સભા

કન્વિનિયર (અધ્યક્ષ) ૧ શ્રી છગનલાલ નાનજી રામજીયાણી

સહકન્વિનિયર ૨ શ્રી ગાંગજી નારણ સેંઘાણી

૩ શ્રી ભરત રતનશી પોકર

૪ શ્રી કાંતિલાલ લખમશી લીંબાણી

૫ શ્રી સામજી નારણ નાકરાણી

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ (ઘાટકોપર)

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપરની વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૭ની નવી કારોબારીની પ્રથમ મિટીંગ તા. ૦૨-૦૪-૨૦૨૫ના પ્રમુખ શ્રી મયુર તુલશીદાસ સેંઘાણીના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે બાકી રહેલા હોદ્દાઓ અને કો-સભ્યોની વરણી કરવામાં આવી જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | મયુર તુલસીદાસ સેંઘાણી | પ્રમુખ |
| ૨ | પંકજ વાલજી અમૃતિયા | આઈ.પી.પી. |
| ૩ | મિતેષ મહેન્દ્ર સેંઘાણી | ઉપ-પ્રમુખ |
| ૪ | હેનાલી પુનિત પારસીયા | મહામંત્રી |
| ૫ | કાર્તિક શાંતિલાલ સેંઘાણી | ખજાનચી |
| ૬ | દર્શના દિપક રામજીયાણી | સહ-મંત્રી |
| ૭ | અરૂણા મોહનલાલ રામજીયાણી | સહ-મંત્રી |
| ૮ | રૂષભ લલિત નાકરાણી | સહ-ખજાનચી |
| ૯ | રોહિત મણિલાલ ધોળુ | સભ્ય |
| ૧૦ | ઉમંગ રાજેન્દ્ર પોકાર | સભ્ય |
| ૧૧ | વિનય વિજય સાંખલા | સભ્ય |
| ૧૨ | પુનિત જયંતિલાલ સેંઘાણી | સભ્ય |
| ૧૩ | પૂજન વિજય સેંઘાણી | સભ્ય |
| ૧૪ | જીત રમેશ ચૌધરી | સભ્ય |
| ૧૫ | ધર્મેન્દ્ર જયંતીલાલ દડગા | સભ્ય |
| ૧૬ | અલ્પેશ હરિલાલ પારસીયા | સભ્ય |
| ૧૭ | આકાશ નરેન્દ્ર રામજીયાણી | સભ્ય |
| ૧૮ | અજય ધનજી દડગા | સભ્ય |
| ૧૯ | પુનિત અરવિંદ પારસીયા | કોપ-સભ્ય |
| ૨૦ | દેવાંશી જય ભોજાણી | કોપ-સભ્ય |
| ૨૧ | મિલન પ્રવીણ માકાણી | કોપ-સભ્ય |
| ૨૨ | દર્શિક પ્રફુલ સેંઘાણી | કોપ-સભ્ય |

**પ્રમુખ : મયુર તુલસીદાસ સેંઘાણી**
**મહામંત્રી : હેનાલી પુનિત પારસીયા**

**ચૂંટણી પંચ ૨૦૨૫-૨૦૨૮....** પાના નં. ૧થી ચાલુ...

થી રઘુવંશ કહેવાયો.

શ્રી રામનાં પુત્ર ‘લવ’ અને ‘કુશ’ થયા.

રામાયણ પછી રામ ભક્તિનો વિકાશ થતાં શ્રી રામની વિષ્ણુના અવતાર પરબ્રહ્મ તરીકે પ્રતિષ્ઠા થઈ. પુરાણો તેમજ અધ્યાત્મ રામાયણ, ભુસંડી રામાયણ, આદી ગ્રંથોમાં ‘શ્રી રામ’ને વિષ્ણુના નહિ પણ પર બ્રહ્મ સ્વરૂપે કે ‘બ્રહ્મ’ માન્યા છે.

આમ ‘ચૈત્ર’ નવરાત્રી થી શરૂઆત એકમના રોજ ગુડી પાડવાથી થાય છે, અષ્ટમીના રોજ હવન અને ગામે ગામ થી પધારેલ પદયાત્રીઓના સામૈયા થાય છે.

નવમીના રોજ શ્રી ઉમિયા માતાજી વાંઢાયનો પાટોત્સવ સાથે રામ નવમીની ભવ્ય ઉજવણી થાય છે. ગુરૂશ્રી ઓધવરામની જયંતી તેમજ પૂ. શ્રી મોટાને નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર રામનવમીના રોજ થયેલ. આમ શ્રી રામજીનું જીવન આપણને ઉન્નત જીવન, ઉજ્વળ જીવન જીવવાની પ્રેરણા આપે છે.


ઈશ્વરની પ્રાપ્તિ દોડા દોડીથી નહિ પણ દિલ ઢંઢોળવાથી થાય. પ્રારબ્ધ થી થતા ભોગ ભોગવવાની સાથે સૌનું ઈશ્વર સ્મરણ ચાલુ રહે એવી પ્રાર્થના સહ... મહાવીર જયંતિની હાર્દિક શુભકામનાઓ.

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી સહતંત્રી - અશોક વાલજી અમૃતીયા સહતંત્રી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ

### ઉનાળા ની ગરમીમાં – આધાશીશી (માઈગ્રેન ) (દવા વગર કુદરતી ઉપચાર)

- ઉનાળા ની સતત ગરમી માં સુર્ય ના તાપ થી ઘણા લોકોને આધાશીશી – માઈગ્રેન ની તકલીફ થાય છે જેમાં માથામાં સતત દુખાવો થાય છે
- ઉનાળા માં તડકા માં જવાથી અને ડિહાઇડ્રેશન ( પાણી ઓછું પીવું) ને કારણે આધાશીશી થાય છે .
- આધાશીશી ના મુખ્ય લક્ષણો
  માથાની કોઈ એક બાજુ 2 – 3 દિવસ થી ખૂબજ દુખાવો
  ઉબકા અને ઉલટી
  ચક્કર આવવા અને માથું ધૂમવું




હાથ ના અંગૂઠા માં બ્લુ કલર કરી 3 મગ લગાડો.
(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




હાથ ના અંગૂઠા માં વટાણા લગાડો.
(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)





આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઇંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે તેથી ચિત્ર માં બતાડેલા પોઇંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.
( G 20 )

**વિશેષ** : હાઈડ્રેટ રહેવા માટે લીંબુ શરબત, વરિયાળી,ખડી સાકર, તખમરિયા વાળુ પાણી પીઓ .

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773 શ્રુતિ સેંધાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈ ૨૦૨૫-૨૦૨૬ હોદ્દેદારો

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શ્રી પ્રફુલભાઈ રસિકલાલ નાકરાણી |
| આઈ.પી.પી. | : | શ્રી મહેન્દ્ર જીવરાજ સેંઘાણી |
| ઉપપ્રમુખ | : | શ્રી જિગ્નેશભાઈ બાબુલાલ ચૌહાણ |
| ઉપપ્રમુખ | : | શ્રી મનસુખભાઈ રણમલ સાંખલા |
| મહામંત્રી | : | શ્રી રૂપેશભાઈ ડાહ્યાભાઈ સાંખલા |
| મંત્રી | : | શ્રી રાજેન્દ્રભાઈ ઉમરશી પોકાર |
| મંત્રી | : | શ્રી રાજેશ નારાયણભાઈ જબુઆણી |
| ખજાનચી | : | શ્રી વીરેન્દ્રભાઈ હરજી માવાણી |
| સહખજાનચી | : | શ્રી વાડીલાલભાઈ હીરજી વાસાણી |



# શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ / મુંબઈ રીજીયન

### ''યુથ એમ્પાવરમેન્ટ સેમિનાર''

### YES

તારીખ ૨૨ અને ૨૩ માર્ચ ૨૦૨૫ના દિવસે શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈની એજ્યુકેશન અને ટેલેન્ટ હન્ટ સમિતિ દ્વારા પાટીદાર ભવન ડોંબીવલી ખાતે યુથ એમ્પાવરમેન્ટ સેમિનાર સીઝન-૨નું ભવ્ય અને પ્રભાવશાળી આયોજન કરવામાં આવ્યું.

**''દીપ પ્રાગટ્ય અને ઉદ્ઘાટન''**

સેમિનારની શાનદાર શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી, જેમાં મંડળના પ્રમુખશ્રી અશોક સેંઘાણી, આઈપીપી હસમુખ રામજીયાણી, મહામંત્રી હિરેન લીંબાણી, મિશન ચેરમેન નીતેશ ભાવાણી, જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન કાંતિભાઈ સેંઘાણી, મુંબઈ ઝોન સમાજ મહામંત્રી મહેન્દ્ર સેંઘાણી, મુંબઈ મહિલા મંડળ ઉપપ્રમુખ કસ્તુરબેન ભગત, ડોંબીવલી સમાજ સહમંત્રી જીગ્નેશ ઉકાણી, ડોંબીવલી મહિલા મંડળ મંત્રી પ્રીતિ ભગત, એજ્યુકેશન સમિતિના કન્વીનર જયેશ ભગત અને મુખ્ય વક્તા શ્રી મૌલિક સોની ઉપસ્થિત રહ્યા હતા.

**''પ્રેરક પ્રવચન અને માર્ગદર્શનઃ ''**

વિશ્વપ્રસિદ્ધ પ્રેરમ વકતા મૌલિક સોનીએ જબરજસ્ત પ્રવચન આપ્યું. * માઈન્ડ પાવર અને પોઝિટિવ મેન્ટાલિટી દ્વારા સફળતા પ્રાપ્ત કરવાની કળા શીખવી * આર્થિક વિકાસ માટેની દ્રષ્ટિ અને દ્રઢ વિચારસરણી વિકસાવવામાં માર્ગદર્શન * તથાસ્તુ પ્રોસેસ દ્વારા ઈચ્છા પૂરી કરવાની રીતો શીખવી * લીડરશીપ અને કમ્યુનિકેશન સ્કિલ્સમાં બહેતર બનવા માટે અમૂલ્ય ટીપ્સ આપ્યા.

*** પ્રેક્ટિકલ સત્રો અને લાઈવ ડેમોન્સ્ટ્રેશન ***

સેમિનારમાં માત્ર થિયરી નહીં પરંતુ પ્રેક્ટિકલ અનુભવ પણ આપવામાં આવ્યો * સ્ટેજ ફિયર દૂર કરવા માટે લાઈ ડેમોન્સ્ટ્રેન દ્વારા યુવાનોને મંચ પર લાવી આત્મવિશ્વાસમાં વધારો કરવામાં આવ્યો * લાઈફ ગોલ્સ ડિફાઈનિંગ, કન્વીન્સિંગ અને નેકોશિએશન ટેકનિક્સ દ્વારા વ્યાવસાયિક કુશળતા વધારવામાં આવી.

*** સહયોગ ***

ટ્રસ્ટ ફંડ દ્વારા વાડી ફાળવી અપાઈ હતી * અન્નપૂર્ણા સમિતિએ બે દિવસ સુધી સવિનય સેવા આપી * સાઉન્ડ અને એલઈડીની ઉત્તમ વ્યવસ્થા દ્વારા કાર્યક્રમને વધુ દમદાર બનાવવામાં આવ્યો * ડોંબીવલી યુવા મંડળ અને મહિલા મંડળે સહકાર આપી સેમિનારને સફળ બનાવ્યો.

*** આભારવિધિ અને સમાપન ***

સેમિનારના અંતમાં મંડલના સહમંત્રી હરેશભાઈ સાંખલાએ સમગ્ર આયોજનમાં સહભાગી તમામ સભ્યો સહયોગી સમિતિઓ સહયોગ કરનાર સર્વે ટીમનો આભાર વ્યક્ત કર્યો. રાષ્ટ્રગીત ગાઈ સેમિનારનો ભવ્ય સમાપન કરવામાં આવ્યો.

*** પ્રેરણાદાયક અને યાદગાર અનુભવ ***

આ સેમિનાર યુવાનો માટે એક પ્રેરક અને સ્મરણિય તબક્કો સાબિત થયો * પાર્ટિસિપન્ટ્સે માઈન્ડ પાવર, પોઝિટિવ મેન્ટાલિટી, નેટવર્કિંગ અને લીડરશી કૌશલ્ય માટે વ્યવાસાયિક માર્ગદર્શન મેળવ્યું * લાઈવ પ્રેક્ટિસ દ્વારા આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો થયો * યુવા પેઢીએ સ્વ-વિકાસ માટે નવો દ્રષ્ટિકોણ મેળવ્યો.

*** પરિણામ ***

આ સેમિનાર એજ્યકેશન સમિતિ માટે એક સફળ અને ઉલ્લેખનીય તબક્કો સાબિત થયો * યુવાનોમાં જાગૃતિ, આત્મવિશ્વાસ અને લીડરશીપ કૌશલ્ય વિકસાવવામાં સેમિનારે મહત્વનો ફાળો આપ્યો * કાર્યક્રમને અંતે મિશન ચેરમેન નીતેશ ભાવાણી દ્વારા યુવા કાન્કલેવ વિર્ષે ઓડીયો વિસ્યુલ બતાવી માહીતી આપવામાં આવી હતી.

**પ્રમુખ : અશોક વિશનજી સેંઘાણી**

**મહામંત્રી : હિરેન ભવાન લીંબાણી**

# શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિ * વિશ્વ મહિલા દિવસ *

મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત વિશ્વ મહિલા દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મહામંત્રી શ્રીમતી પુનમબેન રામજીયાણી દ્વારા સૌના શાબ્દિક સ્વાગત થી કરવામાં આવી. ત્યારબાદ પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી, આઈ.પી.પી. હેમિકાબેન પોકાર, મહામંત્રી પૂનમબેન રામજીયાણી, ખજાનચી રીટાબેન રૂડાણી, ટ્રસ્ટ ફંડ મુંબઈના ટ્રસ્ટીઓ, યુવા મંડળ મુંબઈના પ્રમુખ, શ્રી મુંબઈ ઝોન, ઘાટકોપર સમાજ, ઘાટકોપર મહિલા મંડળના હોદ્દેદારો વગેરે એવમ્ ડૉ. શ્રી અર્ચનાબેન ત્રિવેદી દ્વારા માઁ ઉમિયાનાં દિપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

ત્યારબાદ અખિલ ભારતીય કેન્દ્રીય મહિલા સંઘ દ્વારા આયોજિત ઓનલાઈન રંગોળી સ્પર્ધામાં ૨૫ ઝોનમાંથી મુંબઈ ઝોનમાથી ભાગ લીધેલ ૫ બહેનોનું સન્માન કરવામાં આવ્યું. ભારતભરમાંથી દ્વિતીય ક્રમાંક મેળવનાર શ્રીમતી પ્રિતિબેન ભાવેશ રંગાણીનું વિશિષ્ટ સન્મન કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રમુખશ્રી અને હોદ્દેદારો દ્વારા દાતાશ્રીઓના સન્માન કરવામાં આવ્યા.

ત્યાર પછીનો દોર ડૉ. શ્રી. અર્ચનાબેનને સોપવામાં આવ્યો. ડૉ. શ્રી અર્ચનાબેને પહેલાં તો સૌ સ્ત્રીઓને કપાળ પરના ચાંદલાને મહત્વ આપી સનાતની પ્રથાને મજબૂત કરવા સૌને વિનંતી કરી. ત્યારબાદ તેમણે ૮ વર્ષથી ૩૫ વર્ષની બહેનોનું એક ગ્રુપ અને ૩૫ વર્ષની ઉપરની બહેનોનું એક ગ્રૂપ એમ બે ગ્રુપ બનાવ્યા. ગ્રુપને જીજાબાઈ અને લક્ષ્મીબાઈ એમ નામ આપવામાં આવ્યા. આખાં સેશનમાં તેમણે માઁ અને દીકરીનાં સંબંધને મહત્વ સાથે મજબૂત કરવા પર ભાર આપ્યો. દીકરીઓને માતા પિતાની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરવાથી પરિવાર પર કેવી અસર પડે છે તે વિશે ખૂબ સરળ ભાષામાં સમજાવ્યું. દીકરીઓએ આંખમાં આંસુ સાથે પ્રણ લીધા કે કયારેય મા-બાપની ઈચ્છા વિરુદ્ધ લગ્ન નહીં કરે. તે સાથે જ માતાઓને પણ સગીર વયની દીકરીઓ સાથે કેવો વ્યવહાર કરવો તેમજ દીકરીની માઁની સાથે સહેલી બનવું જેથી કયારેય કોઈ પણ બાબત ચર્ચા કરતા દીકરીઓને સંકોચ ના થાય તેની ખાસ ટકોર કરી.

ત્યારબાદ આજનાં કપરા સમયમાં જ્યારે સ્ત્રીઓ પર હુમલાનું પ્રમાણ વધતું જાય છે ત્યારે તેનો સામનો કેવી રીતે કરવો એની અલગ અલગ ટેકનિક શીખવાડી કાર્યક્રમના અંતમાં ગેમ રમાડી વાતાવરણ હળવું કર્યું અને મેડિટેશન કરાવી વાતાવરણ પવિત્ર કરી સેશન પૂર્ણ કર્યું.

કાર્યક્રમના અંતમાં બહેનોએ આવીને પોતાના અભિપ્રાય આપ્યા અને અર્ચનાબેન અને મહિલા મંડળ મુંબઈનો ખૂબ ધન્યવાદ વ્યક્ત કર્યો અને ભવિષ્યમાં દીકરીઓને દરેક પરિસ્થિતિને પહોચી વળવા તૈયાર કરી શકીએ તે હેતુથી વધારેમાં વધારે આવાં કાર્યક્રમો કરવા વિનંતી કરી.

ત્યારબાદ સહમંત્રી પુષ્પાબેન ભગત દ્વારા આભારવિધિ કરવામાં આવી. અંતમાં રાષ્ટ્રીય ગાન ગાઈ અને ભોજનને ન્યાય આપી કંઈક મેળવ્યાનો સંતોષ લઈ સૌ છુટા પડ્યા.

**લી. પ્રમુખ : શ્રીમતી વર્ષાબેન નરેશ દિવાણી**

**મહામંત્રી : શ્રીમતી પુનમબેન નરેન્દ્ર રામજીયાણી**

Printed and Published by : Chhagan Kanji Pokar on behalf of Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Mumbai and Printed at : M/s. Jyoti Print & Pack Pvt. Ltd., 114/A, Ghatkopar Industrial Estate, Amrut Nagar, Ghatkopar (W), Mumbai - 400 086. Published at : Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Patidar Wadi, Near Hotel Airways, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.
Editor : Shri Narayan Vishram Bhagat - Prince Apartment, Karani Lane, Opp. Union Bank, Ghatkopar (West), Mumbai - 400 086.